# શ્રી ગોઝારિયા કેળવણી મંડળ આયોજિત

## ચિમનલાલ હિરાલાલ પટેલ

## વાર્ષિક રમતોત્સવ (પ્રથમ વર્ષ-૨૦૨૩-૨૪)

તારીખ ૨૫/૦૧/૨૦૨૪ ના રોજ શ્રી ગોઝારિયા કેળવણી મંડળ સંચાલિત તમામ સંસ્થાઓના વિદ્યાર્થીઓને આવરી લેતો  વર્ષ ૨૦૨૩-૨૪નો પ્રથમ રમતોત્સવ શ્રીમતી એમ.કે.પટેલ હાઇસ્કુલ અને શ્રીમતી એ.એસ.જે પટેલ હાયર-સેકન્ડરી સ્કુલના ક્રીડાંગણ ખાતે યોજાઇ ગયો, જેની શરુઆત સવારે ૦૯:૦૦ ના સુમારે થઇ. જે શ્રેષ્ઠીશ્રીનું  નામાભિધાન દર વરસે યોજાનાર આ રમતોત્સવ સાથે જોડાયેલ છે એવા શ્રી ચિમનલાલ હિરાલાલ પટેલ પ્રવર્તમાન સમયે એમ.કે,પટેલ હાઇસ્કૂલ,ગોઝારિયા નામે ઓળ્ખાતી શાળાના  ૧૯૫૨ના પ્રથમ વર્ગના વિદ્યાર્થી હતા, જેઓ એ તત્કાલીન સમયે આ શાળામાં પ્રથમક્રમ મેળવનારા વિદ્યાર્થી હોવાની સાથેસાથે તાલુકા કક્ષાએ રમતગમત ક્ષેત્રે પ્રશંસનીય પ્રદાન કરતાં વ્યયામવીર તરીકે બહૂમાન મેળ્વ્યુ હતું,  કાર્યક્રમની શરુઆતમાં અંગેજી-માધ્યમ શાળાનાં ભૂલકાં દ્વારા “વેલકમ ઇવેંટ” રજુ કરવામાં આવી હતી. ત્યારબાદ સમગ્ર રમતોત્સવના સંયોજક પ્રોફેસર એ.જી.પટેલ સાહેબે મંચસ્થ મહાનુભાવોનો શાબ્દિક સ્વાગત પરિચય આપ્યો હતો, જેમાં ઉદ્ઘાટક તરીકે શ્રી ચિમનલાલ હિરાલાલ પટેલના સુપુત્ર શ્રીભરતભાઇ પટેલ, ગો.કે. મંડળના પ્રમુખશ્રી કે.કે.પટેલ, ગો.કે. મંડળના ઉપપ્રમુખશ્રી ડૉ. માણેક્લાલ પટેલ ,શ્રી  પંકજભાઇ બી. પટેલ-ઉધોગપતિ, અમદાવાદ , અનિવાર્ય સંજોગોના કારણે અનુપસ્થિત એવાં ડૉ. તેજશ્રીબેન ડી.પટેલ-પૂર્વ ધારાસભ્યશ્રી , વિરમગામ તથા શ્રી ગોવિંદભાઇ એમ.પટેલ-સ્ટ્રક્ચ્રલ ઇજ્નેર, અમદાવાદનો સુભગ સમાવેશ  થાય છે. મંચસ્થ મહાનુભાવોના મેમેંટો અને બૂકે દ્વારા કરવામાં આવેલ ઉમળકાભેર સ્વાગત બાદ શ્રી ભરતભાઇ ચિમનલાલ હિરાલાલ પટેલ દ્વારા ઉદ્ઘાટન પ્રસ્તાવ ના વાંચનબાદ મંચસ્થ મહાનુભાવોએ આતશબાજી મધ્યે ફુગ્ગા-સમૂહો આકાશમાં છોડી સદર રમતોસવને ખુલ્લો મુક્યો હતો. ડૉ. તેજશ્રીબેન ડી.પટેલ-પૂર્વ ધારાસભ્યશ્રી ,વિરમગામની અનુપસ્થિતિમાં તેમના ભાઇશ્રી ભરતભાઇએ સ્ન્માનનો સ્વીકાર્યું હતું.

સદર સમારોહમાં ગત તારીખ: ૨૩/૦૧/૨૦૨૪ના રોજ રમાયેલ ક્રિકેટ-મેચમાં વિજેતા બનેલ આર.વી,રાવલ ઔધોગિક તાલીમ સંસ્થાનના વિદ્યાર્થીઓની ટીમને સુવર્ણ-પદક તેમજ ઉપ-વિજેતા એવી

શ્રીમતી એમ.કે.પટેલ હાઇસ્કુલ અને શ્રીમતી એ.એસ.જે પટેલ હાયર-સેકન્ડરી સ્કુલની ટીમને રજત-પદક આપી સ્નમાનિત કરવામાં  આવી. આ ઉપરાંત શ્રીમતી એમ.કે.પટેલ હાઇસ્કુલ અને શ્રીમતી એ.એસ.જે પટેલ હાયર-સેકન્ડરી સ્કુલના વ્યાયામ-શિક્ષક શ્રી દિનેશભાઇ  રાઠોડ નું, સંકુલ નિયામકશ્રી એન.કે.પટેલ સાહેબ દ્વારા પ્રાયોજિત ઇનામ તરીકે ટ્રેક-શૂટ,  શ્રી ગોઝારિયા કેળવણી મંડળ પ્રમુખશ્રી કે.કે.પટેલના વરદહસ્તે પ્રદાન કરવામાં આવ્યો. પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં પ્રમુખશ્રી કે.કે.પટેલ દ્વારા ચિમનલાલ હિરાલાલ પટેલ પરિવાર દ્વારા કરવામાં આવેલ ૨૧,૦૦,૦૦૦ રૂપીયાની માતબર નિધિ ના વ્યાજમાંથી દર વરસે આ જ રમતોત્સવ ઉજવી શકાશે તે બદલ આનંદ વ્યક્ત કરતાં શ્રેષ્ઠી શ્રી ચિમનલાલ હિરાલાલ પટેલની જેમ પ્રત્યેક ક્ષેત્રમાં આગવું પ્રદાન કરવા  ઇજન આપ્યું હતું અને ૨૦૩૬ના વરસ દરમ્યાન સંભવિત પણે ગુજરાત ખાતે યોજાનાર અલિમ્પિક્સ રમતોત્સવ માટે અત્યારથી જ તૈયારી નો પ્રારંભ કરી દેવાની હાકલ કરી હતી. શ્રી પટેલસાહેબે શ્રી  પંકજભાઇ બી. પટેલ-ઉધોગપતિ, અમદાવાદ દ્વારા ગોઝારિયા કેળવણી મંડળની તમામ સંસ્થાઓ દ્વારા રમતગમતના ક્ષેત્રે  ઉપયોગમાં લેવામાં આવી રહેલા જરૂરી એવા સાધનો માટે કરેલ ૫,૦૦,૦૦૦ ના માતબર દાનનો ઉલ્લેખ કરીને વિધાર્થી-વિધાર્થિની બહેનોના સર્વતોમુખી વિકાસ માટેની પોતાની અને મંડળની સર્વાંગી તત્પરતા ને પુન; ઉદ્ઘોષિત કરી હતી.

સમસ્ત સમારોહના અંતિમચરણમાં ગોઝારિયા કેળવણી મંડળ સંચાલિત શિક્ષણસંકુલના નિયામક શ્રી એન.કે.પટેલ સાહેબે દાતાશ્રીઓ,પ્રમુખશ્રી, સંયોજકશ્રી એ.જી,પટેલ ,તમામ સંસ્થાઓના વ્યાયામ શિક્ષકશ્રીઓ તથા સમગ્ર સમારોહ દરમ્યાન ઉદ્ઘોષક તરીકેની ફરજ બજાવનાર શ્રી ચિરગભાઇ કે.પટેલ, મદદનીશ શિક્ષક કે.કે.પટેલ ગર્લ્સ હાયર સેકંડરી સ્કુલ, નો અભાર માન્યો હતો.

સદર  રમતોત્સવામાં નિમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયાની ત્રણેય વર્ષની બહેનોએ ૧૦૦ મીટર દોડ,૨૦૦ મીટર દોડ,૪૦૦ મીટર દોડ,ઉંચો કૂદકો, ગોળા ફેંક, રસ્સા ખેંચ,, ખો ખો જેવી અનેકવિધ એથ્લેટીક્સ તથા સાંઘીક રમતોમાં ભાગ લઇને વિજેતાપદ મેળવ્યાં હતાં.

સદર સમારોહ નીચેની લિંક પરથી જોઇ શકાય છે:

https://www.youtube.com/watch?v=o8oYU4IK6kk